ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૧-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

'આપ' હવે ભાજપ સામે પડકારની ભૂમિકામાં

તાજેરતરમાં ટાઈમ્સ ઑફ ઈન્ડિયા દ્વારા આઠ મોટાં શહેરોમાં કરાવાયેલ સર્વેક્ષણમાં આમ આદમી પાર્ટીને આગામી લોકસભાની ચૂંટણીમાં પચાસથી સો બેઠકો મળશે એવું તારણ નીકળ્યું છે. અલબત્ત, મર્યાદિત જનસમુદાય સાથે મુલાકાત કરી એનો અભિપ્રાય મેળવી આવાં તારણ કાઢવામાં આવતાં હોય છે તે સાચું, પરંતુ એક તદ્દન નવા રાજકીય પરિબળ વિશે શહેર વિસ્તારની પ્રજામાં આવો હકારાત્મક અભિપ્રાય પ્રવર્તે છે, એ જ મોટી વાત ગણાય. અરવિંદ કેજરીવાલને પચીસ ટકા લોકો વડાપ્રધાનપદે ઈચ્છે છે, જ્યારે એકસો પચ્ચીસ વર્ષ જૂની કોંગ્રેસના લાડકા નેતા રાહુલ ગાંધીને ફક્ત ચૌદ ટકા લોકો જ એ પદ પર જોવા માગે છે. એ દૃષ્ટિએ જોતાં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો ઘોડો વીનમાં લાગે છે. એમને અઠ્ઠાવન ટકા લોકોનું સમર્થન સાંપડે છે, તે ઘણી આશાસ્પદ બાબત ગણાવી જોઈએ. જો કે એમની વિજય કૂચને અરવિંદ કેજરીવાલનો 'આમ આદમી' જ બ્રેક મારતો વરતાઈ રહ્યો છે. 'અરવિંદ'નો અર્થ કમળ થાય છે. એ જ અરવિંદ નામધારી નવો નેતા મોદીના રથને અવરોધી રહ્યા છે. કેજરીવાલની આમ આદમી પાર્ટીનું ઝાડું કોંગ્રેસના કીચડને અને ભાજપના કમળને વાળીઝુડીને સાફ કરી શકે છે એ વાતની પ્રતીતિ તો દિલ્હી વિધાનસભાની ચૂંટણીએ કરાવી જ દીધી છે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના સર્વેક્ષણ મુજબ આઠ શહેરોની ચુમાળીસ ટકા વસતિએ પાર્ટી તરીકે 'આપ'ને વોટ આપવાની ઈચ્છા દર્શાવી છે, તે જ શું સૂચક નથી? દેશમાં પ્રમુખશાહી પદ્ધતિ મુજબ નેતાની સીધી ચૂંટણી કરવામાં આવે તો આજકાલ નરેન્દ્ર મોદીની તરફેણમાં શરૂ થયેલ મોજું એમને જરૂર સર્વોચ્ચ પદ સુધી પહોંચાડી દે. પરંતુ આપણે સંસદીય લોકશાહી ધરાવીએ છીએ, તેથી મતદાતાઓ એમના સંસદસભ્યોને ચૂંટે છે, વડાપ્રધાન કે રાષ્ટ્રપતિને નહીં. આથી પાર્ટીને મત મળે છે એમ જે-તે સંસદીય વિસ્તારમાં ચૂંટણી લડનારી વ્યક્તિને મત મળતા હોય છે. એમાં વડાપ્રધાનપદના ઉમેદવારનો કરિશ્મા કેટલો ભાગ ભજવી શકે તે પ્રશ્ન જ રહે છે. અલબત્ત, ઈન્દિરા ગાંધીની પ્રતિભાથી અંજાયેલા મતદારો કોંગ્રેસના ઉમેદવાર કરતાં વિશેષ ઈન્દિરા ગાંધીનો ઉમેદવાર છે એમ સમજીને એ પ્રમાણમાં ઓછો લાયક લાગતો હોય તો પણ એના નામ પર મત્તું મારતાં હતા તે પણ આપણે જોયું જ છે. એ રીતે ભાજપના ઉમેદવારોને નરેન્દ્ર મોદીના નામનો ફાયદો જરૂર થઈ શકે. અરવિંદ કેજરીવાલની કરિશ્માઈ પ્રતિભા 'આપ' પાર્ટીના ઉમેદવારોને ઊંચકી શકે. રાહુલ ગાંધી અને પ્રિયંકાથી આકર્ષાયેલો યુવાવર્ગ પ્રૌઢવય વટાવી વૃદ્ધાવસ્થાના આરે પહોંચી રહેલા મોદીને કે અનાકર્ષક કેજરીવાલના સીધાસાદા ઝાડુવાળા ઉમેદવારોને બદલે હાથના પંજાને સમર્થન આપી શકે. લોક શાહીમાં મતદાનના દિવસ પૂરકો મતદાતા રાજાપાઠમાં આવી જતો હોય છે. એ છેક બૂથ સુધી પહોંચ્યા પછી એની ભીતર ઘૂંટાઈ રહેલા ઉમેદવારનું નામ પાડવાનું પસંદ કરે છે. તેથી સ્તો આગોતરાં સર્વેક્ષણો ક્યારેય સો ટકા સાચાં નથી પડતાં. એ ફક્ત સંકેત અને સવિશેષ તો ચેતવણી આપતાં હોય છે. આવી ચેતવણી આમ આદમી પાર્ટીના નામે કોંગ્રેસ અને ભાજપ ઉપરાંત પ્રાદેશિક પક્ષોને પણ સાંપડવા માંડી છે. રાજ ઠાકરેએ મુંબઈમાં અમે પૂરતા છીએ, આપની જરૂર નથી.- એ મતલબનું વિધાન કર્યું છે તે આમ આદમી પાર્ટીના સંભવિત આક્રમણનો જ સંકેત છે. શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના જેવાં પ્રાદેશિક અને સંકુચિત વિચારસરણી ધરાવતાં પરિબળો કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની ઘટતી જતી શાખનો લાભ ઉઠાવવાની વેતરણમાં છે, ત્યાં 'આપ'નું ઈદં તૃતીયમ્ એમની મંશા પર પાણી ફેરવી નાખશે એવો ગર્ભિત ભય સેવાઈ રહ્યો છે. તેથીસ્તો રાજ ઠાકરેએ એમના રાષ્ટ્રીય નેતા નરેન્દ્ર મોદીને હવે ગુજરાતની માળા જપવાને બદલે દેશની વાત કરવાની શિખામણ આપી છે. એટલું ઓછું હોય એમ એમણે વડાપ્રધાનપદના ઉમેદવાર થયા પછી નરેન્દ્રભાઈએ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી તત્કાળ રાજીનામું આપી દેવું જોઈએ, એવી પણ અપેક્ષા રાખી છે. નરેન્દ્ર મોદી ગાંડા નથી કે રાજ ઠાકરેની ભલામણનો અમલ કરી દે. એ પણ જાણે છે કે દિલ્હી અને ગાંધીનગર વચ્ચે ખાસ્સું હજારેક કિ.મી.નું છેટું છે- દિલ્હી દૂર છે. કલ્પના પણ ન કરી હોય એવું એક નવું વાવાઝોડું એમને દિલ્હી પહોંચતાં અધવચ્ચે જ અટકાવી શકે એમ છે. 'આપ'ની વધતી જતી લોકપ્રિયતાનો સામનો કઈ રીતે કરવો એ મુદ્દે પણ ભગવી પાર્ટી ભારે અવઢવ અનુભવતી લાગે છે. એટલે ક્યારેક તો એનાથી કાચું પણ કપાઈ જતું હોય છે. ગાઝિયાબાદના કૌશાંબી ખાતે આવેલા 'આપ' પાર્ટીના કાર્યાલય પર ભાજપ પ્રેરિત સંગઠનો દ્વારા કરાવાયેલ હુમલો એનું નેત્રદીપક ઉદાહરણ છે. કાશ્મીર મુદ્દે લોકમત લેવાનું તો આ દેશનો કોઈ મૂર્ખ નાગરિક પણ નિવેદન ન કરે. 'આપ'ના વરિષ્ઠ નેતા અને સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણે તો કાશ્મીરમાં સેના અર્ધસૈનિક દળોના મુદ્દે કાશ્મીરની પ્રજાનો મત જાણવાની વાત કરી હતી. કાશ્મીરની પ્રજા પોતે ઈચ્છે છે કે સરહદપારના આતંકવાદ સામે રક્ષણ મેળવવા સેનાની હાજરી જરૂરી છે. આ મુદ્દે ક્યારેક નિર્દોષ નાગરિકો પર સેના દ્વારા થતા જોરજુલમને કારણે વિવાદ પણ સરજાતો રહ્યો છે. પરંતુ તેમ છતાં, પ્રજામતની ઉપેક્ષા તો કઈ લોકશાહીને પાલવશે? પ્રશાંતભૂષણના નિવેદનને દેશદ્રોહી કૃત્ય ગણાવી એમની ઑફિસમાં ઘૂસી મારઝૂડ કરનારાં તત્ત્વો અને તાજેતરમાં 'આપ' કાર્યાલયની તોડફોડ કરનારાં તત્ત્વોનો ભાજપ સાથે સીધો સંબંધ હોવાનું સૌ જાણે છે. આવા હુમલા કરાવવાથી તો ઊલટાની કેજરીવાલ અને 'આપ' તરફ લોકોની સહાનુભૂતિ વધવાની છે. કેજરીવાલ એક પછી એક વચનો પૂરા કરી પ્રજાનું હૃદય જીતી રહ્યા છે. છેલ્લે એમણે ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ ફરિયાદ કરવા માટેનો હેલ્પલાઈન નંબર જાહેર કરીને તો ખંગ વાળી દીધો છે. ભાજપના પગ નીચેથી ધરતી ખસી રહી છે. કેજરીવાલે કહ્યું છે કે મને મારવાથી જો કાશ્મીરની સમસ્યા હલ થઈ શકતી હોય તો તમે કહો ત્યારે અને તમે બતાવો તે જગ્યાએ આવી જઉં. ભાજપ પાસે છે કોઈ જવાબ? દિલ્હીમાંથી કોંગ્રેસનું શાસન ઉખાડી ફેંકનાર કેજરી અને એમની પાર્ટી હવે દિલ્હીની ગાદી માટે ટાંપી રહેલા મોદી અને ભાજપ માટે એક વસમો પડકાર બની રહ્યા છે.

ડુંગરી ગરાસિયા સમાજનો ૧૦મો સ્નેહમિલન સમારોહ યોજાશે

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટનો દસમો વાર્ષિક સ્નેહમિલન સમારોહ તા. ૨ ફેબ્રુઆરી રવિવાર બપોરે ૧૨.૦૦ કલાકે ટાઉનહોલ સેક્ટર-૧૭ ખાતે યોજવામાં આવશે. સમારંભમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ રમત-ગમત ક્ષેત્રે તેમજ સરકારીક્ષેત્રે વર્ગ-૧ અને ૨ માં બઢતી અને નિવૃત્ત કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે. તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોએ વિગતવાર માહિતી જે તે વોર્ડના સભ્ય દ્વારા પ્રમુખ નામદેવ વર્સાતના નિવાસસ્થાને ત્રણ દિવસમાં મોકલી આપવા જણાવ્યું છે.

તારાપુર ખાતે નિઃશુલ્ક અંધત્વ નિવારણ કાર્યક્રમ યોજાશે

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અને સહયોગ મંડળ દ્વારા અંધત્વ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૧૨ જાન્યુઆરી, રવિવારના રોજ તારાપુર ખાતે નિઃશુલ્ક અંધત્વ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં લાભાર્થીઓને વિનામૂલ્યે નેત્ર નિદાન કરવામાં આવશે. તેમજ રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવશે. આ કેમ્પમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓને લાભ લેવા જણાવ્યું છે.

પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી કરાશે

પશુપાલનમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવા અને પશુઓ પ્રત્યે માયાળુ વર્તન રાખવા અનુરોધ કરાશે : આરોગ્યલક્ષી કેમ્પ અને માર્ગદર્શન શિબિરો યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા દર વર્ષે જાન્યુઆરી માસના બીજા પખવાડિયામાં પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૪મી જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરી દરમ્યાન પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી દરમ્યાન પ્રાણીઓ પ્રત્યે માયાળુ વર્તન રાખવુ, પશુઓ માટેના સર્જીકલ કેમ્પ, પશુવંધ્યત્વ નિવારણ કેમ્પઅને આરોગ્યલક્ષી કેમ્પનું આયોજન હાથ ધરાય છે. આ દરમ્યાન પ્રાણી કલ્યાણ અંગે અને પ્રાણીઓની ઉપયોગિતાઓ અંગે ચર્ચાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ વગેરેનું શાળા-કોલેજોમાં આયોજન કરવા તેમજ નગર પંચાયતો અને ગ્રામ પંચાયતોનું સંકલન સાધી આ સ્પર્ધાઓ યોજવા માર્ગદર્શન અપાશે. વાહન ખેંચતા પ્રાણીઓ માટે વાહનમાં વધુ વજન ન ભરવા, ઋતુચક્ર પ્રમાણે પ્રાણીઓની બેઠક સુવિધા ઉભી કરવા, પ્રાણીઓની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા, પીડામુક્તિ, ઘાતકીપણુ વગેરે બાબતોની કાયકાકીય જોગવાઈઓ અંગે માહિતીગાર કરવામાં આવશે.

આ ઉપરાંત આ પખવાડિયામાં અકસ્માતે પ્રાણીઓના મૃત્યુને નાથવા, પ્રાણીઓ દ્વારા પ્લાસ્ટીક વગેરે કચરો ખાવાથી આરોગ્યને થતા નુકસાનની જાણકારી, ડબામાં પુરાયેલા ઢોરોની ખોરાક-પાણીની વ્યવસ્થા, પશુઓ પરના અત્યાચારો રોકવા, બિમાર પશુઓની તાત્કાલિક અને મફત સારવાર વગેરે જેવી બાબતોથી વિગતવાર વાકેફ કરવામાં આવશે. એનીમલ વેલ્ફેર બોર્ડ દ્વારા જનજાગૃતિ માટે પોસ્ટરો, પશુપાલન દ્વારા રેડીયો, ટીવી વગેરે માધ્યમોથી સજાગના રાખવા પશુપાલકોને અપીલ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ખસીકરણની દેશી પદ્ધતિને બદલે વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવા તેમજ ગૌવંશ હત્યા પ્રતિબંધ ધારાના અમલીકરણ વગેરે અંગે પણ માહિતગાર કરવામાં આવનાર છે.

ભારત સરકારના યુવા કાર્ય ખેલ મંત્રાલય અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય એકતા કેમ્પનો સમાપન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જળવાઈ રહે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ૧૪ રાજ્યોના ૨૫૩ યુવાનો જોડાયા હતા. આ પ્રસંગે મેયર મહેન્દ્રસિંહ, જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, કમિશ્નર લલિત પાડલિયા, મિશિથભાઈ વ્યાસ, સંજીવ મહેતા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ મિમાવત)

ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજનો સ્નેહમિલન, ઈનામ વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૯

શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સેવા ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિજનોનું સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તા. ૧૧ જાન્યુઆરી, શનિવાર, બપોરે ૨.૦૦ કલાકે આંબેડકર હોલ સેક્ટર-૧૨ ખાતે યોજવામાં આવશે.

સ્નેહમિલન સમારોહમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે શિક્ષણ, રમત-ગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે સિદ્ધિઓ મેળવી છે. તેવા સિતારાઓને ઈનામ આપી સન્માનવામાં આવશે. આ પ્રસંગે સર્વ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

હવે બધા ઘરે જતા રહો... પ્રધાનમંત્રીએ હમણાં જ જાહેરાત કરી છે કે બધા ભારતવાસીને 'સારા દિવસો' આપ મેળે આવશે...!!

આર. સી. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા રેલી યોજાઈ

અંબોડમાં એન.એસ.એસ. શિબિર યોજી

ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર. સી. પટેલ સ્કૂલ દ્વારા અંબોડ (મીની પાવગઢ) ખાતે એન.એસ.એસ. શિબિર તેમજ મનપાના સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે શહેરમાં સ્વચ્છતા રેલી કાઢવામાં આવી હતી.

સેક્ટર-૨ ઉની આર. સી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. માણસા તાલુકાના અંબોડ (મીની પાવાગઢ) ખાતે તા. ૨૯ ડિસેમ્બરથી તા. ૫ જાન્યુઆરી સુધી શિબિર યોજવામાં આવી હતી. શિબિરમાં શાળાના ૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શિબિરના ભાગરૂપે અંબોડમાં પ્રભાત ફેરી, ગ્રામ સફાઈ, બેટી બચાવો, ગ્રાહક સુરક્ષા આધારીત નાટકો ભજવવામાં આવ્યા હતા. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓ ઘરે ઘરે ફરીને વ્યસન કરતા યુવાનો વડીલોને તેનાથી થતા રોગો વિશે માહિતી આપવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓએ અન્ય એક કાર્યક્રમ શહેર ખાતે યોજ્યો હતો. જેમાં સ્વચ્છ અભિયાન અંતર્ગત શાળાના ૧૮૦ વિદ્યાર્થીઓએ સ્વચ્છતા રેલી કાઢી હતી. રેલી શહેરના અલગ - અલગ વિસ્તારમાં ફરી હતી.

વિદ્યાર્થીઓએ રેલી સૂત્રોચ્ચાર કરી નગરજનોને ઠમઠાર્યા હતા અને તેમણે 'આર. સી.ની છે રેલી, ગંડકી હટાવવી છે સહેલી' નારા લગાવ્યા હતા. વિદ્યાર્થીઓએ રેલીમાં સેક્ટર-૨૪ અંબિકા ચોક ખાતે હાથમાં ઝાડુ પકડી સફાઈ કરી હતી. આ કાર્યક્રમમાં સંજય ત્રિવેદી, વિનોદ પટેલ, અરવિંદ પટેલ, તેજસ પટેલ, સહિત શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

હસમુખા, મિલનસાર, વતનપ્રેમી હિતેશભાઈની ગાંધીનગરના કલાકારપુત્ર હોવાનું આપણે સૌ ગાંધીનગરવાસીઓને ગૌરવ છે

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

સબ ટીવી ચેનલ પરની શ્રેણીઓ 'રાજા હરિશચંદ્ર'નો ટાઈટલ રોલ કે 'બાલવીર' શ્રેણીનો રોલ, 'મસ્તી' ચેનલ પરની 'ગજબ ફેમીલી'ના ભૂલાભાઈ, ઝી ટીવીની 'ફીયર ફાઈલ્સ'ના અવનવા પાત્રો, બાલાજીની શ્રેણીઓ- અદાલત તથા ગુમરાહ, સહારા વન ચેનલ પર 'હોન્ટેડ નાઈટ, ઉપરાંત હમારી દેવરાની, સજન રે જુઠ્ઠ મત બોલો, દિયા ઔર બાતી, મણીબેન ડોટ. કોમ, જીવન સાથી, હમારી સાસ લીલા, બંદીની, તેરે લીયે, ક્યા હુઆ તેરા વાદા, કલર ટીવી પરની ખૂબ જાણીતી સીરીયલો, બાલીકા વધુ અને મધુબાલા, લાઈફ ઓકે પરની અનેક સીરીયલો, સોની પરની સીઆઈડી, વિગેરમાં અનેક વિધિ પાત્રોને પોતાના લાક્ષણિક અભિનયથી જીવંત બનાવનારા અદાકાર અને ઈટીવી ગુજરાતી પર બે વર્ષ સુધી ચાલેલી કડક સિંહ બાપુનો હાસ્ય દરબાર શ્રેણીના કડકસિંહ બાપુ એટલે આપણા ગાંધીનગરના જાણીતો, માનીતો, કલાકાર દીકરો હિતેશ અવિનાશભાઈ રાવલ.

નાટકો અને રંગમંચ પ્રત્યે નાનપણથી જ તીવ્ર આકર્ષણ રહ્યું હતું. ભજવાઈ રહેલા સીનના મુડ પ્રમાણે કલાકારોના ચહેરાઓ, રંગમંચ પર ફેંકાતી લાલ, લીલા, ભૂરા એમ જુદા જુદા રંગની લાઈટ્સ મારા નવમાં એક અજબ લાગણી જન્માવતી. એમ કહેનારા થીયેટર, ટીવી, ફિલ્મ દરેક ક્ષેત્રે કોઈપણ પ્રકારના પાત્ર- કોમેડી, ટ્રેજેડી, વીલન કે કેરેકટર પાત્રો બખુબીથી ભજવનાર આ કલાકાર હિતેશભાઈએ ગુજરાત અને ભારતમાં જ નહીં, વિશ્વના અન્ય દેશોમાં પણ તેમણે મજબૂત ઓળખ પ્રસ્થાપિત કરી છે. છેલ્લા ૩૦ વર્ષની કલાસફરના અનુભવમાં કુલ ૩૦૦૦ જેટલા સ્ટેજ શો માંથી ૭૦થી વધુ ફુલ લેન્થ નાટકો ભારત અને અન્ય કેશોમાં રજૂ કરીને અપૂર્વ ચાહના મેળવી છે. ઉપરાંત ૪૦ જેટલી ગુજરાતી ફીચર ફિલ્મો, સત્તર ડોક્યુમેન્ટરી ફિલ્મ, એક સિંધી ફિલ્મ લિખિત અને દિગ્દર્શિત, ૨૫ એડ ફિલ્મસ તેમજ હિન્દી ફિલ્મો- રામગોપાલ વર્માની સત્ય-૨, શુટર (સુનિલ શેટ્ટી સાથે) ગાંધી માય ફાધર, વિગેરેમાં અભિનય આપીને ગાંધીનગરનું નામ રોશન કરનારા કલાકાર હિતેશ રાવલનો પરિચય મેળવીએ.

પિતા સ્વ. અવિનાશ મણિશંકર રાવલ(બાપુના હુલામણા નામથી ગાંધીનગરમાં જાણીતા) અને માતા પુષ્પાબેન (હાલ સેકટર-૧ના નિવાસી)ના ઘરે તારીખ ૧૭-૧૧-૧૯૬૨ના રોજ જિ. જામનગર, જામજોધપુર ખાતે પુત્ર જન્મ થયો. પિતાજીની સચિવાલયની નોકરીના કારણે ૧૯૬૯માં સપરિવાર (૨ પુખો, પાંચ પુત્રીઓ) ગાંધીનગરવાસી બન્યા. સેકટર-૧૬ ખાતે રહેવાનું અને સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ શરૂ થયો. ખુલ્લા આકાશ જેવા ગાંધીનગરમાં હિતેશનું બાળપણ પાંગરવા લાગ્યું. ગાંધીનગરમાં વસેલા સૌ પ્રથમ પચાસ પરિવારોમાં બાપુના કુટુંબીઓ સે.-૧૬ના વસાહતીઓ તથા મિત્રો વચ્ચે મસ્ત મજા માણતા. ૧૯૬૯થી ૮૯ એમ ૨૦ વર્ષ એ જ ઘર, એજ માહોલ, એજ મિત્રો સાથે બાળપણ, તરૂણાવસ્થા અને યુવાનીમાં હિતેશ પગ માંડ્યા જાણે કે ગાંધીનગરે અને હિતેશે બંનેએ શ્વાસોશ્વાસની લયબદ્ધ અને સુંદર ગતિ પકડીને પોતપોતાના મુકામ તરફ આગળ વધતા રહ્યા...

હિતેશને નાનપણથી જ ભણવામાં રૂચિ ઓછી. કલા-રમત-ગમત પ્રત્યે વધુ આકર્ષણ અલબત્ત ભણવામાં નબળો નહોતો જ. સે.-૧૬ના બગીચામાં મિત્રો સાથે ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ વિગેરે રમતો રમે અને તક મળે સ્ટેજ પર પહોંચી પોતાની કલારૂચિને સંતોષે બાલ્કન-જી-બારી, સામાજિક કે કુટુંબ મેળવડા, વસાહત મંડળના કાર્યક્રમોમાં ગાવામાં, નાચવામાં કે નૃત્યનાટિકા વિગેરે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં હિતેશ ભાગ લેતો. નાટયકલા પ્રત્યે અનેરું આકર્ષણ પરંતુ તે સમયે ગાંધીનગરમાં નાટયપ્રવૃત્તિના અભાવને કારણે હિતેશે ગાવામાં ઝંપલાવ્યું અને સે.-૧૬ના રંગમંચ પર પ્રથમ વખત કિશોરકુમારનું જાણીતું ગીત મેરા જીવન કોરા કાગઝ... રજૂ કર્યું હતું.

ધો.-૬થી ૧૦ સુધીનો અભ્યાસ સેન્ટ ઝેવીયર્સ શાળામાં રમતગમત અને કલાક્ષેત્રે ત્યાં પણ અનેક પ્રવૃત્તિઓ કરી. શાળા અને શિક્ષકગણનો હિતેશના સર્વાંગી વિકાસમાં અનન્ય ફાળો રહ્યો છે. એસ.એસ.સી. પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરીને ધો.૧૧ સરકારી માધ્યમિક શાળા સે.-૧૬ અને ધો.-૧૨ જયોતિ હાઈસ્કુલ અમદાવાદથી પાસ કર્યું. સે.-૧૬ની શાળાની સંગીત સંધ્યામાં મુકેશજીના ગીતો ગાઈને હિતેશ છવાઈ જતો. તો રાસગરબામાં પણ સે.-૧૬ અને સે.-૧૭માં થતી નવરાત્રીમાં હિતેશભાઈ ખૂબ પ્રશંસા અને ઈનામો મેળવતા.

હિતેશભાઈએ કોલેજનું પ્રથમ વર્ષ આર્ટસ કોલેજ ગાંધીનગરથી અને ત્યારબાદ સહજાનંદ કોલેજ અમદાવાદમાંથી ગ્રેજ્યુએટ થયા. ભણવા કરતાં કલાના રંગોથી રંગાઈને હિતેશભાઈનું મન ઈસ્ટમેન કલર બની ગયું હતું. કોલેજમાં પણ ટેલન્ટ વિગેરેમાં સુંદર ગીતો રજૂ કરતાં. જાણીતા સંગીતકારો ગૌરાંગ વ્યાસ, શ્યામલ-સૌમિલ મુનશ જેવા નિર્ણાયકો સમક્ષ અભ્યાસ સાથે આઈટીઆઈ માંથી સ્ટેનોગ્રાફીની તાલીમ લીધી અને કોલેજના બીજા વર્ષથી જ સચિવાલયમાં સ્ટોનોગ્રાફરની નોકરી મેળવી અને સાથે અભ્યાસ ચાલુ રાખ્યો. ૧૯૮૩માં જી.પી.એસ.સી. પરીક્ષા પસાર કરીને સચિવાલય પરિવારમાં નાણાં વિભાગમાં જોડાયા અને ત્યાં અભિનેતા તરીકેના જીવનના પ્રારંભ માટેના પાયા નંખાયા. અખિલ ભારતીય મુલ્કી સેવા નાટય સ્પર્ધામાં પ્રથમ નાટકમાં ભાગ લેવાની તક મળી અને અભિનેતા તરીકે સાચી શરૂઆત થઈ.

નાણાં વિભાગમાં જ નોકરી કરતા નાટયવિદ્ અક્ષર શૈયદ સાથે પરિચય થયો. દોડવું હતું ને ઢાળ મળ્યો.. અક્ષરદાના ગૃપમાં હિતેશભાઈ જોડાઈ ગયા અને રીહરસલો ચાલુ થયા. પ્રથમ શુભદા નાટકમાં પોલીસના ખૂબ નાનકડા રોલથી અભિનય સફર શરૂ થઈ. બીજા વર્ષે રજૂ કરેલ નાટક સાથિયામાં એક રંગ ઓછોમાં એન્ટી હીરોનું અગત્યનું પાત્ર ભજવીને હિતેશભાઈ છવાઈ ગયા. રાષ્ટ્રકક્ષાએ આ નાટકે અનેક ઈનામો પણ મેળવ્યા. આમ ધીમે ધીમે નાટક તથા અભિનયના વિવિધ પાસાઓને નજીકથી જાણવા, શીખવા મળતા રહ્યા અને અક્ષરભાઈ પાસેથી તૈયાર થવા માર્ગદર્શન પણ મળતું રહ્યું. અક્ષરદામાં ખૂબ શક્તિશાળી પાત્ર 'બિન્દા'ની મહત્વની ભૂમિકા ભજવીને પ્રથમ શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ રાષ્ટ્રિય કક્ષાએ મેળવીને હિતેશભાઈએ અભિનય ક્ષમતા પૂરવાર કરી દીધી. બસ એ પછી હિતેશભાઈએ પાછું વળીને જોયું નથી. અને પત્નીદાન, સંતાનો સૌ ગાંધારીના , સબંધો ક્ષિતિજ પારના, વિગેરે એમ છ નાટકોમાં બે હેટ્રિક સાથે, ૬ વખતે બેસ્ટ એકટરનો ખિતાબ જીતીને સચિવાલય, ગાંધીનગર અને ગુજરાતને ગૌરવ અપાવ્યું.



૧૯૮૩થી શરૂ થયેલી નોકરી અને શરૂ થયેલી અભિનય સફર હવે ઉડાન ભરવા લાગી હતી. રમેશ અમીનની જાણીતી સંસ્થા 'અર્પણ' અમદાવાદમાંથી હિતેશભાઈને આમંત્રણ મળતાં તેઓ તેમાં સક્રિય થયા. હિતેશભાઈના અભિનયથી પ્રભાવિત થઈને 'પાર્થને કહો ચઢાવે બાણ'- આ અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી દિગ્દર્શિત નાટકમાં પ્રથમ મહત્વનો વ્યવસાયિક રોલ ભજવ્યો. જે નાટકના ૨૦૦ જેટલા શો યોજાયા હતા. ત્યારબાદ અર્પણના બધા જ નાટકોમાં હિતેશભાઈ અભિનયના અજવાળા પાથરવા લાગ્યા.

૧૯૯૦માં હિતેશભાઈ નીતા પ્રેમસાગર અધ્વર્યુ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. નવો સંસાર, નોકરી, રીહસલો, અમદાવાદના પ્રોફેશનલ શો વિગેરેને કારણે સ્પર્ધાઓમાં ભાગ લેવાનું બંધ કરીને માત્ર અર્પણ સંસ્થાના એક પછી એક સારા અને ચડીયાતા નાટકોમાં અભિનય આપ્યો. ત્યારબાદ અમદાવાદમાં પાપા પગલી પાડતાં દૂરદર્શન પરના એક નાટક 'બેન્કર'માં શીર્ષક ભૂમિકા મળતાં આ ક્ષેત્રે પણ પગરણ કર્યાં. એ પછી દૂરદર્શન પર અનેક નાટકોમાં રોલ કર્યા. ૧૯૯૨ પછી હિતેશભાઈએ દૂરદર્શન પરની કોર્મશીયલ સીરીયલોમાં કામ કરવાનું શરૂ કર્યું.નરેન્દ્ર ત્રિવેદીની બેલારોય, ઊંધીયું, કોને હતી ખબર, જેવી સીરીયલોમાં મુખ્ય રોલ ભજવ્યો જેનાથી હિતેશભાઈની કારકિર્દીને વેગ મળ્યો. સાથે જ દૂરદર્શન પર આવતી પારિજાત, સાસુજીના અખતરા, જીવનદીપ, જેસલ તોરલ વિગેરે ગુજરાતી સીરીયલોમાં ભૂમિકા ભજવીને હિતેશભાઈ દર્શકોના દિલો પર રાજ કરવા લાગ્યા. દૂરદર્શનના પેનલ કલાકાર હોવા ઉપરાંત ઓલ ઈન્ડિયા રેડિયો પર બી રોડના કલાકાર તરીકે હિતેશભાઈએ અનેક રેડિયો નાટક ભજવીને તેમજ દૂરદર્શન પરની જાણીતી શ્રેણી એક ડાળના પંખી અને કૃષિ દર્શન કાર્યક્રમમાં ભાગ લઈને પ્રેક્ષકોના હૃદયમાં વસી ગયા હતા.

૧૯૯૭માં હૈયના હસ્તાક્ષર (નીતા મહેતાદિશાં વંકાણી સાથે), આંખે કંકુના સુરજ આથમ્યા (હરિન ઠાકર લિખિત જેના ૨૦૦ જેટલા શો થયા), પિન્કી પરીખ સાથેનું મંગલ ફેરા, નીમેશ દેસાઈ -હસબન્ડની હોમ ડીલીવરી- આવા જાણીતા નાટકો ભજવીને ગુજરાતમાં તેમજ બહાર ખૂબ ખ્યાતિ પ્રાપ્ત કરી.

૧૯૯૫માં જાણીતા નિર્માતા અભય શાહ સાથે જામી પડેલા જમાઈ રાજા નાટક લઈને પ્રથમવાર વિદેશ ભૂમિ પર શો કર્યા- મસ્કત (ઓમાન)માં ૧૯૯૬માં અમેરિકામાં ત્રણ મહિનાનો નાટય પ્રવાસ અને એ પછી ૨૦૦૨માં ઈંગ્લેન્ડ, મલેશીયા, સીંગાપોર, વિગેરે દેશોમાં અનેક સફળ નાટકો ભજવીને હિતેશભાઈ વિદેશની ધરતી પર પણ છવાઈ ગયા.

૨૦૦૭માં પ્રમોશન મળતાં ડી.